

## અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં બાઈકચોર ગેંગનો મુખિયા જેલમાં

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં દિન દહાડે રહેણાંક વિસ્તારો બજારોમાં અને હોસ્પિટલ બહાર પાર્ક કરેલા બાઈક ચોરીની ઘટનાઓ નોંધપાત્ર વધારો થતા બન્ને જિલ્લા પોલીસતંત્રને બાઈક ચોર ગેંગ પડકાર ફેંકતી હોય તેમ બેફામ બની ગઈ હતી. અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે બાઈક ચોર ગેંગને ઝડપી પાડવા બાતમીદારોનો સહારો લીધો હતો અને ફરીથી બાતમીના આધારે રાજસ્થાનના ખેરવાડા બલિયાના દિલીપકુમાર બેચાજી અસારીને ચોરી કરેલી બાઈક વેચવા ભીલોડા જતો હતો ત્યારે જાંબુડી નજીકથી દબોચી લીધો હતો. પોલીસે ઝડપાયેલા શખ્સ પાસેથી ત્રણ બાઈકો તથા ઘરફોડ ચોરીનો સામાન મળી કુલ ૧,૦૩,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી જેલના સળીયા પાછળ ધકેલી દીધો હતો. ઝડપાયેલા શખ્સની પૂછપરછ દરમિયાન ૭ જગ્યાએ ચોરીની ઘટનાને અંજામ આપ્યો હોવાનો એકરાર કરી આ બાઈક ચોરી ગેંગમાં સંડોવાયેલા અન્ય ત્રણ ચોરો વિજય ડામોર (બલીયા રાજસ્થાન), રાહુલ લક્ષ્મણ ખરાડી (રહે. જાયરા, રાજસ્થાન) અને જીવા ખરાડી (રહે. જાયરા રાજસ્થાન) સાથે મળી બાઈક ચોરીની ઘટનાને અંજામ આપતા હોવાનું જણાવતા અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે અન્ય ત્રણ તસ્કર ટોળકીના સભ્યોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં અને ભિલોડા તાલુકામાં અસહ્ય દેહ દઝાડતી કાળઝાળ આગ ઝરતી ગરમીમાં અબોલ પક્ષીઓ માટે પીવાના પાણીના માટીના કુંડાનું ધુમ વેચાણ થઈ રહ્યું છે.

## પાલનપુર તાલુકાના હાથીદરાના જંગલમાં આગ

પાલનપુર તાલુકાના હાથીદરાના જંગલમાં અચાનક આગ લાગતા નજીક આવેલા હાથીદરાના ગામલોકોમાં ચિંતાનું મોજું પ્રસરી ગયું હતું. પાલનપુર તાલુકાના હાથીદરા પાસેના જંગલમાં આજે બપોરે અચાનક આગ લગતા અફરાતફરી મચી ગઈ હતી. જો કે, આજે બપોરે લાગેલી આગથી નજીકના સ્થાનિકોએ જંગલ વિભાગને જાણ કરી હતી. આગથી જંગલમાં રહેલા જીવજંતુઓ મોટાપાયે મોતને ભેટવાની શકયતા છે. જ્યારે આગમાં અનેક વૃક્ષો બળીને ખાખ થઈ જવાની દહેશત પ્રવર્તી રહી



છે. આગ લાગવા પાછળ મધ ઉડાડવાનું પ્રાથમિક દ્રષ્ટિએ અનુમાન થઈ રહ્યું છે. તો વળી, જંગલમાં સૂકા વાંસનું વધુપ્રમાણ હોવાથી આગ લાગવાનું એ પણ એક કારણ હોઈ શકે તેવું અનુમાન થઈ રહ્યું છે. જોકે, આગ એટલા વિકરાળ પ્રમાણમાં છે કે, જો આગ કાબુમા નહી આવે તો મોટા પ્રમાણમાં ખુવારીની શકયતા વર્તાઈ રહી છે. ત્યારે ફોરેસ્ટકર્મીઓ ઘટનાસ્થળે રવાના થઈ ગયા હોવાના અહેવાલ વચ્ચે આગ લાગવાનું કારણ અકબંધ હોવાના અહેવાલ સાંપડ્યા છે.

## કાંકરેજના આકોલી ગામે ૪ વર્ષની બાળકીનું સર્પ દંશથી મોત

કાંકરેજ, તા. ૧૬

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના આકોલી ગામે પૂર્વ સરપંચ વિજુભા વાઘેલાના પરિવારમાં એક ૪ વર્ષની બાળકીને સાપે ડંશ મારતા તાત્કાલિક શિહોરી સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. પરંતુ હોસ્પિટલમાં પહોંચ્યા પહેલા જ ગાયત્રીનું પ્રાણ પંખેરૂ ઉડી ગયુ હતુ. વિષ્ણુભા દલતસિંહની ૪ વર્ષની દિકરી ગાયત્રી પોતાના ઘર આંગણામાં બપોરે રમી



રહી હતી ત્યારે કાળો નાગ ડાબા પગે ડંશ મારતા મોત નિપજ્યુ હતુ અને પરિવારમાં શોકની લાગણી છવાઈ હતી. આમ ઉનાળાની ગરમીથી ઝેરી જાનવરોનો ઉપદ્રવ વધતા એક ૪ વર્ષની બાળકીનું મોત થવા પામ્યુ હતુ. જો કે આવા ઝેરી જનાવરો ડીટીપી પાવડરનો છંટકાવ કરવાથી દૂર રહે છે તેમજ મચ્છરો પણ ઓછા થાય છે. આમ આકોલીની ગાયત્રીનું સર્પ દંશથી મોત થવા પામ્યુ હતુ.

## મેતા ગામના ડેપ્યુટી સરપંચે માર મારતા મોત

વડગામ, તા. ૧૬

વડગામ તાલુકાના મેતા ગામે ગામના ડેપ્યુટી સરપંચ દ્વારા માર મારતા ગામના શંકરભાઈ સોમેશ્વર નામના ગૃહસ્થનું મોત થયું હતું. મૃતકના પરિવારજનોના જણાવ્યા મુજબ, ઘણા દિવસથી શંકરભાઈની ગામના પાણીના બોરને લઈ રજૂઆત હતી. જો કે, આજે ગામના ડેપ્યુટી સરપંચ દ્વારા છેતરીને શંકરભાઈને પંચાયતમા બોલાવ્યા હતા અને પરિવારની જાણ બહાર માર માર્યો હતો. બેભાન હાલતમા દીકરો પિતાને લઈ પાલનપુર સિવિલમા દોડ્યો હતો. જો કે, સિવિલમા સારવાર દરમ્યાન મોત પામતા પરિવારમા ક્લ્પાંત મચી ગયો હતો. જો કે, સિવિલમા મૃતકના પી.એમ.ની કાર્યવાહી હાથ ધરાઈ હતી. ત્યારે પરિવાર દ્વારા પોલીસ ફરિયાદની તજવીજ હાથ ધરાઈ હતી.

## ભિલોડાના રામનગરના જંગલમાં આગ : વનરાજી આગમાં ખાખ

ભિલોડા,તા.૧૬

અરવલ્લી જીલ્લાના ડુંગરાળ વિસ્તારોમાં અવાર-નવાર જંગલોમાં ઠેર-ઠેર આગ લાગવાના બનાવો દિન-પ્રતિ-દિન વધી રહ્યા છે.શામળાજી પાસેના કુડોલના જંગલ વિસ્તારમાં તાજેતરમાં ત્રણ કિ.મી. સુધી ભીષણ આગ ભભુકી ઉઠી હતી.વન વિભાગ ધ્વારા આગ ઉપર કાબુ મેળવવા મોડાસા, બાયડથી ફાયર ફાઈટર મંગાવાયા હતા. જંગલ વિસ્તારમાં ભીષણ આગ ઉપર કાબુ મેળવવા પ્રયાસો હાથ ધરાયા હતા. પ્રજાજનોમાં ભયની લાગણી પ્રસરી હતી.



ભિલોડા તાલુકાના રામનગર પંથકના જંગલ વિસ્તારમાં ગત રોજ સમી સાંજે ડુંગર ઉપર એકા-એક આગ લાગતા વનરાજી બળીને ખાખ થઈ જતાં વન વિભાગના અધિકારીઓ ધ્વારા આગને કાબુ લેવા માટે વિવિધ પ્રયાસો હાથ ધરાયા હતા.

જંગલ વિસ્તારમાં ઝાડના સુકા પાંદડાં સળગી ઉઠવાના કારણે જંગલ વિસ્તારમાં આગ ભભુકી ઉઠતાં ભારે દોડધામ મચી જવા પામી હતી.રામનગર પંથકના વન્ય પ્રેમીઓએ ભિલોડા-શામળાજી વન વિભાગના અધિકારીઓને જાણ કરતાં વન વિભાગના અધિકારીઓની ટીમ તાબડતોબ ઘટનાસ્થળે જંગલ વિસ્તારમાં ડુંગર પર મોકલી હતી.ડુંગર ઉપર લાગેલી ભીષણ આગને કાબુમાં લેવા માટેના વિવિધ પ્રયાસો હાથ ધરાયા હતા ત્યારે આગ ઉપર કાબુ મેળવી લીધો હતો.

વન વિભાગના અધિકારીઓએ તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી વનરાજીનું મોટા પાયે થતું નુકશાન અટકાવ્યું હતું. ભિલોડા તાલુકામાં વન્ય પ્રેમીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

## ડીસામાં બાલાજી હનુમાનના મંદિરે યજ્ઞ અને પ્રસાદનો કાર્યક્રમ યોજાયો

ડીસા, તા. ૧૬

ડીસા શહેરના પાટણ હાઈવે પર આવેલા બાલાજી હનુમાનના મંદિરે હનુમાન જન્મ જયંતિ પર્વે ભક્તોની ભારે ભીડ જામી હતી. શ્રદ્ધાળુઓએ બાલાજી હનુમાન દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આયોજકોના જણાવ્યા મુજબ બાલાજી હનુમાનની મૂર્તિ કાંટાળી વાડમાં હતી. જ્યાંથી પાંચ વર્ષ અગાઉ વાહનચાલકો અને વેપારી મિત્રોએ એકઠા થઈ આ જગ્યા સ્વચ્છ કરી ત્યાં મંદિર બનાવી પ્રાણ પ્રતિષ્ઠા કરી હતી. દર વર્ષે હનુમાન જયંતિ પર્વે હવન, મહાઆરતી અને પ્રસાદનું આયોજન કરવામાં આવે છે.

### પાક બચાવવા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં આ વખતે ઉનાળુ સિઝનનું વાવેતર ૨૨ હજાર હેક્ટરમાં થયુ છે જે સામાન્યતઃ ૩૨ થી ૩૫ હજાર હેક્ટર સુધી નોંધાતુ હોય છે. આ વખતે બાજરી સહિતના પરંપરાગત પાકોના વાવેતર વિસ્તારમાં ભારે ઘટાડો જોવા મળી રહ્યો છે. હીટવેવ, મોંઘી મજૂરી તેમજ મોંઘા બિયારણો પણ ઓછા વાવેતર માટેના જવાબદાર કારણો હોવાનું ખેડૂતોનું કહેવુ છે.

### બાલોત્સવ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરમિયાન ફિઝિયો થેરાપી સેન્ટર, પંચદેવ મંદિરની બાજુમાં, સે. ૨૨, ગાંધીનગર ખાતે રવિવાર સિવાય, ચૂકવણું કરવાનું રહેશે. ઓનલાઈન અરજી કરવાની તથા ફી સ્વીકારવાની છેલ્લી તા. ૧-૫-૧૭ સાંજે ૭ સુધી છે. આ કાર્યક્રમની તમામ માહિતી રજીસ્ટ્રેશન ફોર્મ સાથે વેબસાઈટ પર મુકી છે. તે સિવાય ફેરફાર હશે ત્યારે કલરવની માહિતી e.mail: kalravgandhinagar @ gmail.com એસએમએસ અથવા વ્હોટસએપ મારફતે વાલીઓને જણાવવામાં આવશે. આ કાર્યક્રમમાં બાળકોને ભાગ લેવા મોકલવા, સૌ વાલીઓને સહકાર આપવા અને ઓનલાઈન અરજી કરવા સંસ્થાના પ્રમુખ કમલકિશોર જૈન દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

### ઐતિહાસિક રોડ-શો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રોડ શોની શરૂઆત થઈ હતી જેમાં ધારણા પ્રમાણે જ મેગારોડશોમાં લોકો ઉમટી પડ્યા હતા. મોદી સુરત વિમાની મથકથી બહાર નિકળ્યા બાદ લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. મોદીની ઝલક મેળવવા માટે લોકોમાં પડા પડી થઈ ગઈ હતી. લોકોએ મોબાઈલમાં મોદીની એક ઝલકને કેદ કરી હતી. મોદીના ભવ્ય રોડ શોમાં બાઈકિંગ ક્વિન્સની મહિલાઓ જોડાઈ હતી. રોડની બંને બાજુએ લોકો ઉમટી પડ્ય હતા. પ્રાપ્ત માહિતી મુજબ સાંજે મોદી સુરત પહોંચતાની સાથે જ ભાજપ કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. વડાપ્રધાનના રુટ ઉપર પહેલાથી જ સઘન સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. આશરે ૫૦૦૦ જેટલા પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા જેમાં અધિકારીઓનો પણ સમાવેશ થાય છે. રોડ શોનો કાફલો સર્કિટ હાઉસ તરફ આગળ વધ્યો હતો. મિશન ગુજરાત તરીકે પણ મોદીની આ યાત્રાને જોવામાં આવી રહી છે. એરપોર્ટ, સિટીપોઈન્ટ, પાર્લે પોઈન્ટ, કારગિલ ચોક, સુરત ડુમાસ રોડ થઈને સર્કિટ હાઉસ સુધી મોદી પહોંચ્યા હતા. ૧૧ કિલોમીટર લાંબા માર્ગ ઉપર મોદીના રોડ શોમાં જનમેદની ઉમટી પડી હતી. ભીડ પણ બેકાબૂ બની હતી. ખુલ્લી ગાડીમાં મોદીએ લોકોનો આભાર સ્વીકાર્યો હતો. રોડ શો કરીને મોદી સર્કિટ હાઉસ પહોંચ્યા હતા. રાત્રિ ગાળામાં પણ ત્યાંજ રોકાણ કરી રહ્યા છે. આવતીકાલે સોમવારના દિવસે મોદી ૪૦૦ કરોડના ખર્ચે બનેલી કિરણ મલ્ટીસુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટરનું ઉદ્ઘાટન કરશે. મોદી ત્યારબાદ જિલ્લામાં ઈછાપુર ગામમાં હીરાબોર્સ સેઝનું પણ ઉદ્ઘાટન કરશે. ડાયમંડ પોલિસી યુનિટનું ઉદ્ઘાટન કરવામાં આવશે. હરિકૃષ્ણ એક્ષોપર્ટ પ્રાઈવેટ લિમિટેડના ડાયમંડ પોલિસી યુનિટનું ઉદ્ઘાટન કરવામાં આવનાર છે. ત્યાંથી મોદી તાપી જિલ્લાના બીજાપુર ગામમાં જશે જ્યાં કેટલ ફિડ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે અને સાથે સાથે સુરત ડિસ્ટ્રીક્ટ કો.ઓપરેટીવ મિલ્ક પ્રોડ્યુસર્સ યુનિયનના આઈસ્ક્રીમ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે. આને સુમુલ ડેરી તરીકે પણ ઓળખવામાં આવે છે. મોદી ત્યારબાદ કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલીમાં જશે જ્યાં તેઓ સિલવાસાની મુલાકાત લેશે. અહીં તેઓ નવા પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યા બાદ લોકોને સંબોધશે. કેન્દ્રની જુદી જુદી સ્કીમોના ૨૧ હજારથી વધુ લાભ મેળવનાર લોકોને જુદી જુદી કિટ આપવામાં આવશે. ત્યારબાદ મોદી સૌની પ્રોજેક્ટના તબક્કા-૧ નું ઉદ્ઘાટન કરવા સૌરાષ્ટ્રના બોટાદ ખાતે જશે. ત્યારબાદ તેઓ પ્રોજેક્ટના તબક્કા-૨ માટે આધારશિલા મુકશે. ગયા વર્ષે મોદીએ મહત્વકાંક્ષી સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ સિંચાઈ પ્રોજેક્ટની જામનગરથી પ્રથમ તબક્કાની શરૂઆત કરાવી હતી. આ પ્રોજેક્ટ હેઠળ ગુજરાત સરકાર જુદા જુદા કાર્યક્રમોને આગળ વધારવા ઈચ્છુક છે. આ પ્રોજેક્ટ ચાર તબક્કામાં વિભાજીત છે.

### હાઈએલર્ટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્થિતિ ચેકઈન કરીને છેલ્લી ઘડીએ થનાર વિલંબથી બચી શકે છે. આ ખતરાની માહિતી મળતાની સાથે જ એરપોર્ટ સિક્યુરિટી કોર્ડિનેશન કમિટિની અતિમહત્વની બેઠક યોજાઈ હતી. હકીકતમાં એક મહિલાએ સુરક્ષા અધિકારીઓને એક ઈમેઈલ મોકલ્યો હતો. મહિલાએ કહ્યું હતું કે, તેઓએ છ યુવકોને મુંબઈ, ચેન્નાઈ અને હૈદરાબાદ વિમાની મથકથી એક સાથે હાઈઝેકિંગને અજામ આપવાની યોજના બનાવતા સાંભળ્યા હતા. મહિલાના કહેવા મુજબ આ કામમાં કુલ ૨૩ લોકો સામેલ થનાર છે. આને રવિવારે જ અંજામ આપવાની યોજના હતી પરંતુ દૂરગામી યોજનાને ધ્યાનમાં લઈને તમામ વિમાની મથકોએ અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. વિમાની મથકોની સુરક્ષાની જવાબદારી સંભાળનાર સીઆઈએસએફના ડીજી ઓપી સિંહે અહેવાલને સમર્થન આપતા કહ્યું છે કે, આ ત્રણેય વિમાની મથકને હાઈએલર્ટ ઉપર રાખવામાં આવ્યા છે. સુરક્ષાને લઈને ઘણા મહત્વપૂર્ણ પગલા લેવામાં આવી રહ્યા છે. પેટ્રોલિંગથી લઈને એન્ટ્રી એક્ઝિટ પોઈન્ટ ઉપર સુરક્ષા વધારી દેવામાંમ આવી છે. સુરક્ષા દળોની સંખ્યામાંમ પણ વધારો કરવામાં આવી રહ્યો છે. એરપોર્ટના સુરક્ષા અધિકારીઓએ શહેર પોલીસ અને અન્ય સુરક્ષા દળોનો સીધો સંપર્ક કર્યો છે. મુંબઈમાં પહેલાથી જ કાઉન્ટર ટેરેરિઝમ કન્ટીજેન્સી પ્લાન તૈયાર છે પરંતુ હૈદરાબાદ અને ચેન્નાઈમાં તેને લાગૂ કરવાની તૈયારી ચાલી રહી છે. એરપોર્ટ સુરક્ષા સંસ્થાઓને વિમાન અપહરણના સંદર્ભમાં બાતમી મળ્યા બાદ વિવિધ પગલા લેવાઈ રહ્યા છે. અવરજવર કરતા તમામ લોકોની ગતિવિધિ ઉપર નજર રાખવામાં આવી રહી છે. દેશમાં અગાઉ પણ ત્રાસવાદી હુમલાઓ થતાં રહ્યા છે. આવી સ્થિતિમાં સુરક્ષા ચકાસણીની પ્રક્રિયા તીવ્ર બનાવી દેવામાં આવી છે.

### ઉંચી ઈમારત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અમે કેન્દ્ર સરકારની લીલીઝંડીની રાહ જોઈ રહ્યા છે.ગડકરીએ એમ પણ કહ્યું હતું કે, અમે અમારી જમીન બિલ્ડરો અથવા મૂડીરોકાણકારોને આપવા જઈ રહ્યા નથી. અમારી પાસે વિસ્તારને વિકસિત કરવાની યોજના રહેલી છે. અમે એક ગ્રીન સ્માર્ટ રોડ બનાવવા જઈ રહ્યા છે જે મરીન ડ્રાઈવથી ત્રણ ગણા મોટા તરીકે રહેશે. અમારી યોજના બુચ ખલીફા કરતા પણ મોટી ઐતિહાસિક ઈમારત તૈયાર કરવાની યોજના છે. પ્લાન સંપૂર્ણપણે તૈયાર છે. માત્ર કેબિનેટની મંજુરીની રાહ જોવામાં આવી રહી છે. પહેલા બોમ્બે પોર્ટ ટ્રસ્ટના નામથી ઓળખાતા મુંબઈ પોર્ટ ટ્રસ્ટ મુંબઈ શહેરની સૌથી વધારે મોટી સરકારી જમીનના માલિક તરીકે છે. વર્ષ ૧૮૭૩માં બંદરનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. આ દેશના ૧૨ મોટા બંદર પૈકી એક છે. એક ટોચના અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, આશરે ૫૦૦ હેક્ટર જમીનને વિકસિત કરવાની યોજના છે જેમાં બંદર સંચાલન, વેપાર, ઓફિસો, કારોબાર, રિટેલ, મનોરંજન, સામૂદાયિક યોજના અને કન્વેન્શન સેન્ટરનો સમાવેશ થાય છે. મઝગાંવ ડોક્સ અને વડાલા વચ્ચે સાત કિલોમીટર લાંબી મરીન ડ્રાઈવ મુખ્ય આકર્ષણ તરીકે રહેશે જે વર્તમાન મરીન ડ્રાઈવથી મોટી યોજના રહેશે. સૂચિત યોજનામાં સામૂદાયિક મનોરંજન અને મેળમેળાપના સેન્ટરો, દરિયાઈ સંગ્રહાલયનો સમાવેશ થાય છે.

### વિસ્ફોટક સ્થિતિ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દ્વારા કાશ્મીરના બારામુલ્લા જિલ્લાના ચંડુશા વિસ્તારના નાગરિક સજાદ અહેમદના મોત સામેના વિરોધમાં દેખાવ કરવા મેદાનમાં ઉતર્યા હતા. બટમાલી વિસ્તારમાં રેખાચોક ખાતે પથ્થરબાજીમાં વ્યસ્ત રહેલા લોકોએ સુરક્ષા દળો ઉપર પથ્થરમારો કર્યો હતો. સ્થિતિને કાબૂમાં લેવા માટે સરહદ સુરક્ષા દળના જવાનોએ ગોળીબાર કર્યો હતો જેમાં સજાદ અહેમદનું મોત થયું હતું. પોલીસ પ્રવક્તાએ કહ્યું છે કે, શ્રીનગરમાં કોઈપણ જગ્યાએ કોઈ નિયંત્રણ લાદવામાં આવ્યા નથી પરંતુ સુરક્ષા દળો બટમાલી અને અન્ય સંવેદનશીલ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવવા માટે ગોઠવવામાં આવ્યા છે. કાશ્મીર ખીણના અલગતાવાદીઓ પથ્થરબાજી કરી રહેલા યુવાનોને ઉશ્કેરવામાં ચાવીરુપ ભૂમિકા ભજવી રહ્યા હોવાના અહેવાલ મળી રહ્યા છે. કટ્ટરપંથીઓ સામે પગલા લેવાની માંગ પણ ઉઠી રહી છે. હાલમાં જ સુરક્ષા દળો સાથે પથ્થરબાજી કરતા યુવાનાઓએ ખરાબ વર્તન કર્યા બાદ કાશ્મીર ખીણના યુવાનોની પ્રતિષ્ઠાને ફટકો પડ્યો છે. આ કાશ્મીરી યુવાનો સામે કઠોર પગલા લેવાની માંગ દેશભરમાં ઉઠી રહી છે.

### કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

તેમજ આવા કેસમાં વેચાણ આપનાર વ્યક્તિ તરફે છેતરપીંડીનો આક્ષેપ કરવામાં આવે ત્યારે માત્ર છેતરપીંડીનો આક્ષેપ કરવાથી તે સાબીત થતો નથી પરંતુ આવી છેતરપીંડીના સચોટ પુરાવા આક્ષેપ કરનારે રજુ કરવા જોઈએ અને સાબીત પણ કરવા જોઈએ અને આવી કાર્યવાહીઓમાં અપીલ કરવામાં સમય મર્યાદા વડે જ પ્રતિબંધીત ગણાય તેટલું જ નહિ પરંતુ ઉપેક્ષા અને મુક સમંતી વડે પણ પ્રતિબંધ ગણાય આવા કિસ્સાઓમાં માલીકના પક્ષે થયેલ આવું કૃત્ય બીજુ કોઈ નહિ પરંતુ કાયદાની પ્રક્રિયાનો દુરઉપયોગ ગણાય તેવું નામદાર ગુજરાત હાઈકોર્ટે સ્પે.સી.એ. ૧૫૫૦/૧૧ ના કેસમાં ઠરાવી મૃતકના વારસોએ કરેલ સ્પે. સીવીલ એપ્લીકેશન ૯૨૯૭/૦૮ તથા ૧૫૫૦/૧૧ ના કેસમાં પણ એકસમાન અનુમાન ગણી રદબાતલ ઠરાવી મામલતદારે કરેલ વેચાણ વ્યવહારની નોંધ કાયદેસરની ઠરાવેલ અને જણાવેલ કે વેચાણ દસ્તાવેજને પડકારવા માટે વર્ષો બાદ અને સમય મર્યાદા વિતી ગયા બાદ અચાનક તેમજ એકાએક જાગનારને કાયદો મદદ કરી શકે નહિ તેમના દ્વારા કરવામાં આવતી અપીલ કાર્યવાહીઓ માત્ર સમય મર્યાદાથી જ પ્રતિબંધિત નથી પરંતુ ઉપેક્ષા અને મુક સમંતિથી પણ પ્રતિબંધીત જ ગણાય કાયદો જાગતાને મદદ કરે.

### અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

સમર્થનમાં સંસદ અને જાહેર સભાઓ ગજવતા હતા. ડૉ.રામમનોહર લોહિયા, જ્યોર્જ ફર્નાન્ડિસ, મુલાયમ સિંહ યાદવ જેવા સમાજવાદીઓ તિબેટને આઝાદ કરાવવા ચળવળ ચલાવી રહ્યા હતા. જનસંઘ-ભાજપની માતૃસંસ્થા, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ), પણ તિબેટને સ્વતંત્રતા મળે એના સમર્થનમાં હતી. ભારતની કૉંગ્રેસી સરકારો પણ ચીનની ચુંગાલમાંથી તિબેટ મુક્ત થાય એની પક્ષધર હતી, છતાં ચીનના પેટનું પાણી હલતું નહોતું. હજુ ગયા ઑગસ્ટ મહિનામાં ભારતના સંરક્ષણ પ્રધાન રહેલા મુલાયમ સિંહ યાદવે ડૉ. રામમનોહર લોહિયા નેશનલ લૉ યુનિવર્સિટીના સમારંભમાં કહેલા શબ્દોનું સ્મરણ થાય છે: 'મારા સખત વિરોધ છતાં ભારતીય જનતા પક્ષે તિબેટને ચીનના ખોળામાં પધરાવવાની મહાભૂલ કરી છે. મેં એ વેળા વડા પ્રધાન વાજપેયીના ઘેર જઈને અને સંસદમાં ય વિરોધ કર્યો હતો. ચીનની નફ્ફ્ટાઈ તો જુઓ કે આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદી ચીન સાથે હસ્તધૂનન કરી રહ્યા હતા ત્યારે ચીની લશ્કર ઘૂસણખોરી કરી રહ્યું હતું.'

દલાઈ લામાના ભાઈના વડપણ હેઠળ બીજિંગ સાથે મંત્રણાઓના દોર ચાલતા હતા. છેવટે વર્ષ ૨૦૦૩ના જૂનમાં તત્કાલીન વડા પ્રધાન વાજપેયી છ દિવસની ચીનની સત્તાવાર મુલાકાતે હતા ત્યારે એમણે તિબેટને ચીનનું અવિભાજ્ય અંગ સ્વીકાર્યું. સાટામાં ૧૯૭૫થી ભારતમાં વિલય પામેલા સિક્કિમને વિવાદિત પ્રદેશ ગણતા આવેલા ચીને એ વિરોધનો વાવટો સંકેલ્યો. જે વાજપેયી ચીનથી તિબેટને સ્વતંત્ર કરાવવાના આગ્રહી હતા, એમણે જ તિબેટને ચીનનું અંગ સ્વીકાર્યું. બંને દેશો વચ્ચેના સંબંધ સુધારવા માટે આવી બાંધછોડો ક્યારેક અનિવાર્ય બની જતી હોય છે.

સમયાંતરે દલાઈ લામા પણ તિબેટને ચીનના પ્રદેશ તરીકે સ્વીકારવા માંડ્યા છે. તેઓ હવે એને ખરા અર્થમાં સ્વાયતત્તા મળે એના આગ્રહી છે.ખુદ દલાઈ લામા પણ જીવતેજીવ ચીનમાંના પોતાના જન્મસ્થળની મુલાકાત લેવા ઈચ્છે છે, પણ ચીન એમને ખલનાયક ગણે છે. હજુ જાહેર સમારંભોમાં આરએસએસના અગ્રણી ઈન્દ્રેશકુમાર તિબેટને ચીનનું અંગ માનતા નથી. દલાઈ લામા અરુણાચલ પ્રદેશની તાજેતરની મુલાકાતે ગયા ત્યારે કૉંગ્રેસી ગોત્રના ભાજપી મુખ્ય પ્રધાન પેમા ખંડૂએ તો કહ્યું કે ભારતના અરુણાચલની સરહદ તિબેટ સાથે મળે છે. હકીકતમાં તિબેટ હવે ચીનનું અંગ હોવાનું વડા પ્રધાન વાજપેયીથી લઈને વડા પ્રધાન નરેન્દ્ર મોદી જ નહીં , ખુદ દલાઈ લામા સહિતના સ્વીકારી રહ્યા છે ત્યારે ભાજપી મુખ્યપ્રધાનનું આવું નિવેદન અટકચાળારૂપ ગણવું કે અજ્ઞાનદર્શક, એ પ્રશ્ન જરૂર ઊઠે છે.

ચીને બીજિંગ ખાતેના ભારતીય રાજદૂતને બોલાવીને પણ દલાઈ લામાની અરુણાચલ અને તેમાંય તવાંગની મુલાકાત સામે વિરોધ નોંધાવ્યો. ભારત સરકારે પણ ખોંખારીને કહ્યું કે ચીને ભારતની આંતરિક બાબતમાં દખલ દેવી નહીં. સંસદમાં દાયકાઓથી તવાંગને ભારતનું અવિભાજ્ય અંગ ગણાવાય છે. સાથે જ દલાઈ લામા અગાઉ અનેકવાર અરુણાચલ પ્રદેશના તવાંગની મુલાકાતે ગયા હોવાની વિગતો મોદી સરકારે જાહેર કરી છે. એ મુજબ, ૧૯૮૩, ૧૯૯૬, ૧૯૯૭, ૨૦૦૩ અને ૨૦૦૯માં ચીનના વિરોધને અવગણીને તત્કાલીન સરકારોએ એમને અરુણાચલ પ્રદેશ અને એના તવાંગની મુલાકાતે જવાની મોકળાશ કરી આપી છે.

સામાન્ય રીતે વિદેશ નીતિની બાબતમાં રાજકીય વિવાદો સર્જવામાં આવતા નથી, છતાં ૨૦ નવેમ્બર ૨૦૧૪ના રોજ ભારતના ગૃહ પ્રધાન રાજનાથ સિંહે જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણી પ્રચારમાં 'કૉંગ્રેસે તિબેટ જેવા બફરસ્ટેટને ચીનના ખોળામાં પધરાવ્યું' જેવાં રાજકીય નિવેદનો કરીને વિવાદનો મધપૂડો છેડ્યો હતો. ભાજપની સત્તાવાર વેબસાઈટ પર આજે પણ આ નિવેદન ઝળકે છે. દલાઈ લામા ભણી ચીનની સૂગને જોતાં વડા પ્રધાન મોદીએ મે ૨૦૧૫ની ચીન મુલાકાત પૂર્વે તેમની સાથે મુલાકાત ટાળી હતી. આવું જ ભાજપના અધ્યક્ષ અમિત શાહે પણ કર્યું હતું. હવે એ જ દલાઈ લામાનાં ઓવારણાં લેવા આસામના ભાજપી મુખ્ય પ્રધાન સર્વાનંદ સોનોવાલ અને અરુણાચલના ભાજપી મુખ્ય પ્રધાન ખંડૂ અગ્રક્રમે છે. એટલું ઓછું હોય તેમ અરુણાચલમાં આરએસએસ થકી દલાઈ લામાને ભારતરત્ન ઈલકાબ આપવા સહીઝુંબેશ ચલાવાય છે. આ તબક્કે તિબેટના આ ધર્મગુરુએ કહેલા શબ્દો મહત્ત્વના છે: ''ભારતની તિબેટ નીતિ વડા પ્રધાન નરસિંહ રાવના વખતથી યથાવત્ ચાલી આવે છે. મોદીની પ્રશંસા કરું છું કે તેઓ વિકાસ ઈચ્છે છે.''

-haridesai@gmail.com


## ટુંકી જાહેર નિવિદા નં.૨ સને ૨૦૧૭-૧૮
### પાટનગર યોજના પેટા વિભાગ નં.૧, ગાંધીનગર

ગુજરાત રાજ્યનાં રાજ્યપાલશ્રી વતી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં.૧, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૨૫૩)ની કચેરી દ્વારા રહેણાંક મકાનોમાં મરામત અને નિભાવણીનાં કુલ-૧ (એક) કામ જેની અંદાજી રકમ રૂ. ૦.૪૯ લાખ સુધીની છે. જે કામ માટે 'ઈ.૨' વર્ગ અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ વેલીડ રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારશ્રીઓ પાસેથી ભાવો માંગવામાં આવે છે.

આ કામનાં નિયત ટેન્ડર ફોર્મ જરૂરી ટેન્ડર ફી, એફ.ડી.આર. તેમજ (લાગુ પડતું હોય તો) બાનાની રકમ (ઈ.એમ.ડી.) ના.કા.ઈ.શ્રી, પા.યો.પે.વિ. નં. ૧, જેવા જરૂરી પ્રમાણપત્રો રજૂ કર્યેથી અત્રેની કચેરીએથી તા. ૧૭/૪/૨૦૧૭ થી તા. ૨૦/૪/૨૦૧૭ના રોજ ૧૬:૦૦ કલાક સુધી આપવામાં આવશે અને ભાવો ભરેલ ટેન્ડર ફોર્મ અત્રેની કચેરીએ તા. ૨૫/૪/૨૦૧૭ સુધીમાં મળી જાય તે રીતે રજી.પો.એ.ડી.થી મોકલી આપવાના રહેશે. ત્યારબાદ ટેન્ડર ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. શક્ય હશે તો ભાવો ભરાઈને પરત આવેલ ટેન્ડરો અત્રેની કચેરી ખાતે તા. ૨૬/૪/૨૦૧૭ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે હાજર રહેલ ટેન્ડર ભરનાર એજન્સીઓની રૂબરૂમાં ખોલવામાં આવશે.

વિગતવાર નિવિદા તથા સંલગ્ન માહિતી માટે કામકાજના ચાલુ દિવસોએ કચેરી સમય દરમિયાન અત્રેની કચેરીનો સંપર્ક કરવા વિનંતી છે.

આવેલ ટેન્ડરો પૈકી કોઈપણ એક કે બધા જ ટેન્ડરો સ્વીકારવા કે રદ કરવા તેનો હક્ક ખાતેના અબાધિત રહેશે. જેના કોઈ જ કારણો આપવામાં આવશે નહિ.

માહિતી/૧૨૮/૧૭-૧૮